# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૨ • તા.૨૫ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ

જ્ઞાતિજનો માટે વ્યક્તિ કેટલું જીવ્યો એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
જરૂરિયાતમંદ જ્ઞાતિજનોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાતને સાર્થક કરી રહેલ જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય શેઠ

## શ્રી રાયચંદ હંસરાજ ધરમશી



Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

## રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ

દ્વારા

શ્રી સમસ્ત મહાજન દ્વારા પ્રેરિત સંજીવની સ્કિમ માટે

## રૂપિયા 25,00,000 ની

રકમ ફાળવવામાં આવી છે.

## સંજીવની સેફાયર પેટ્રોન


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# બાળક અને વડીલ વચ્ચે સેતુ છે યુવા ધન

માનવજીવનની ત્રણ અવસ્થા છે. બાળપણ, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. બાળપણએ માનવ જીવનનો ચડાવ છે. યુવાવસ્થા શિખર છે અને પાકટ વય માનવજીવનનો ઉતાર છે. બાળક દિન બ દિન ક્રમશ આગળ વધતો વધતો વિકાસ કરે છે. જ્ઞાન, સમજણ અને શિક્ષણ તથા આજુબાજુના માહોલનો નિરીક્ષણ કરી પોતાની બુદ્ધિ સતેજ કરે છે, વિકસાવે છે. તો યુવાવસ્થા સાહસ અને જ્ઞાન, સમજણ અને વિજ્ઞાનના ઉપયોગથી પોતાનો જીવન સુદ્રઢ કરે છે. યુવાન માટે છલાંગ લગાવી ખાઈ ઓળંગવી એને માટે વિકટ નથી તે આંધળું સાહસ કરનાર છે. ખતરાને હાથમાં લઈને આગળ વધનાર જણ છે. કોઈપણ રીતે આંખ સમક્ષ દેખાતું, તેણે ધારેલું લક્ષ્ય પ્રાપ્ત થાય એ જ એનું ધ્યેય હોય છે. યુવાવસ્થા પ્રાપ્ત કરવાની, મેળવવાની અવસ્થા છે. જેટલું હાથે ચડ્યું એટલું જમા કરી લેવું એવી અવસ્થા છે.

જ્યારે વૃદ્ધાવસ્થા અનુભવ, જ્ઞાન અને સમજણ જેટ જેટલું મળ્યું તેને વાગોળવાની અવસ્થા છે. પોતાની પાસે પડેલ, સંચય થયેલું એ બીજાને આપી સમૃદ્ધ કરવું. પોતાને પ્રાપ્ત થયલે અઢળક વિચાર, સમજણએ યોગ્ય વ્યક્તિને આપી જવું એ જ એનું કર્તવ્ય થઈ અનુગામી પેઢીને આપી સમૃદ્ધ કરી જવું એ જ કર્તવ્ય તેનું હોય છે.

જૂની પેઢી જેને ઓલ્ડ જનરેશન કહીએ, જ્યારે વિકસતી પેઢી એટલે કે ન્યૂજનરેશન બંન્ને વચ્ચે સારપ અને સમજણ રહે એવી સેતુની ભૂમિકા યુવા તૈયાર કરી શકે છે. અને કરવી જ જોઈએ. આ તેની ફરજ છે. વડીલો પોતાની માન્યતામાં અડગ હોય છે. પોતાને મળેલ અનુભવને આધારે જે નાનેરાઓને સલાહ સૂચન કરતા હોય છે. એ ન્યૂજનરેશનને ગળે ઉતરતા નથી. આમ આ વિચારભેદ બન્ને પેઢી વચ્ચે ખાઈ સર્જે છે. ભેદ પાડે છે. જે લાંબો સમય જતાં અલગતા સર્જે છે. અંટસ સર્જે છે. જે સંબંધ માટે નુકસાન કારક છે. આ વિસ્તરતી જતી ખાઈ સમાજ માટે અને સંબંધ માટે પણ હાનિકારક છે. આવી અવસ્થા યુવા પેઢીની સક્રિયતાથી અટકી શકે છે.

નવા વિચારોની મજબૂતી જૂની પેઢીને સમજાવી, જૂની પેઢીના વિચારો, અનુભવો નવી પેઢીના થનગનતા યુવાનોને જણાવી તે જે રાહ પકડે છે. તેમાં શું નુકશાની છે ખતરા છે, અગવડ છે, તેનાથી તેમને જ્ઞાત કરાવી આંધળિયા સાહસ કરતાં રોકવા, એ પ્રત્યે સજાગ કરવા જોઈએ. વડીલ પેઢીને સન્માન પૂર્વક નવા વિચારોથી અવગત કરી, વડીલોનું જ્ઞાન અને નવી પેઢીના વિજ્ઞાન સાથે વિચારોના સમન્વય દ્વારા સમજણ સેતુ રચે એ યુવાધનની ફરજ છે. બંન્ને પેઢી વચ્ચે બેલેન્સ કરી માન સ્વમાન સાથે બંન્ને પેઢી સંકલન સાધી કાર્ય કરે તો અવશ્ય સિદ્ધિઓ મળે. આ માટેનો પાયો સમાજનો યુવાધન થઈ શકે છે. કોઈ પણ ભવ્ય ઈમારતને ઊભી કરતાં પહેલાં તેનો પાયો મજબૂત રીતે જમીન અંદર ધરબવું પડે છે. શિખ સૌ કોઈ સ્પષ્ટ રીતે જોઈ શકે છે. પણ પાયાને કોઈ યાદ કરતું નથી. માટે સમાજનું શિખર ગગનગામી બને એ માટે નો પાયો યુવાધનએ બનવું જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# એ જાણવું જરૂરી કે સલાહ આપનાર કોણ છે?

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

વ્યક્તિ જ્યારે સંકટમાં સપડાઈ જાય ત્યારે તેમાંથી હેમખેમ નીકળી જવા મળે એ માટે પ્રયત્ન કરે. ઓછી હાનિ. નામ માત્ર નુકસાની થાય એવા યત્ન કરે છે. પણ કૌટુંબિક કે સામાજિક સંબંધોમાં સમસ્યા ઉદ્‌ભવે ત્યારે પોતે ચારે બાજુ ફસાયેલો છે એવું મહેસુસ કરે ત્યારે પોતાના આત્મીય જનની સૌ પ્રથમ મદદ માંગે અથવા તો કોઈ ત્રીજી નિષ્પક્ષ અને પરિપક્વ, અનુભવી ને ઠરેલ વ્યક્તિની સલાહ કે મદદ લે. પણ અત્યારના સમયમાં સાચી અને વ્યવહારિક સલાહ દેવાવાળા બહુ જૂજ લોકો રહ્યાં છે. બંન્ને પક્ષોની વાત હકીકત સમજીને જે સમજપૂર્વક, કુશળતાથી પોતાનું મંતવ્ય આપે. આમેય આજની પેઢીને સાચી સલાહ લેક્ચર લાગે છે. કાનને ગમતી સલાહ ને બદલે આજે તેઓ સોશિયલ મીડિયા પર લાઈફ કોચ કે મોટિવેશન સ્પીકરને સાંભળવાનું પસંદ કરે છે કે પોતાની ઉંમરના જ અપરિપક્વ અને બિન અનુભવી મિત્રના મંતવ્ય માની પોતાની સમસ્યા હલ કરવા પ્રયત્ન કરે છે. આપણું હિત અને અહિત એ જ સમજી શકે જે કોઈક રીતે આપણી સાથે આત્મીય રીતે જોડાયેલું હોય છે.

વ્યવહાર સાચવવા, જાળવા માટે બે વ્યક્તિ વચ્ચેની સમજદારી પર મદાર રહે છે. પરંતુ એમાં થોડો ઘણો અવિશ્વાસ હોય તો ત્રીજી વ્યક્તિએ સંબંધમાં ફાચર મારીને પોતાનો ફાયદો મેળવી જાય છે. આપણી સમસ્યામાં કોઈ રસ્તો ન સૂઝે ત્યારે કોઈ ત્રીજી વ્યક્તિની સલાહ લઈએ છીએ. પણ એ સલાહ આપણને કોણ આપે છે એ જાણવું અગત્યનું છે. ઘણી વખત એવું બનતું હોય છે. જેની પાસેથી સલાહ લેતા હોઈએ તે વ્યક્તિ કદાચ આપણી પરિસ્થિતિથી પૂરી વાકેફ નથી હોતી. ઘણી વખતએ વ્યક્તિ આપણી દુ:ખદ હાલત જોઈને અંદરથી ખુશ પણ થતી હોય છે. આવા પ્રકારના વિઘ્ન સંતોષી સલાહકારો ઘણીવાર એવા નિર્ણયો લેવા ઉત્સાહિત કરે છે. જે આપણા હિતમાં નથી હોતા આમ પરિસ્થિતિ સંજોગોને આધિન વધુ વકરે છે.

આમ દુનિયામાં એવા લોકો વધુ છે જેઓ તમારૂં સારું થાય એના કરતાં તમારું કેમ ખરાબ થાય. એમાં વધુ રસ ધરાવતા હોય છે. અણઘડ વ્યક્તિની સલાહ આપણા માટે હાનિકારક નિવડી એનું ભાન સમય જતાં થાય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિના આધુનિક યુગના 'ભામાશા'

# રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર



જીવન વ્યવહારનું કપરું કામ એક તો પોતાને માટે ધન ખરચવાને બદલે અન્યને માટે ખર્ચવું અને બીજું ઘર પરિવારને ભૂલી દેશ-માભોમને માટે સેવા કરવી, તેને સમર્પિત થઈ જવું. એટલે જ લોક કવિએ દાનશીલ અને શૂરવીર માટે લખ્યું છે કે 'જનની જણ દાતા કાં શૂર, નહિં તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર.' પોતાના માટે સો કોઈ વાપરી જાણે છે. પણ અન્યો માટે જે પોતાનું ધન વાપરી જાણે એ ઉદારદિલ, ઉમદા અને પરોપકાર ભાવના વાળો વ્યક્તિ હોય છે.

આવી ઉદારતા સુથરી-વરલી મુંબઈના રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર એ બતાવી છે. વર્ષોથી આ પરિવાર ધર્મ, શિક્ષણ, આવાસ સ્વાસ્થ્ય અને સેવાક્ષેત્રે ઘરખમ યોગદાન આપી ઉદાત ભાવના છલકાવી છે.



# જ્ઞાતિના આધુનિક યુગના 'ભામાશા'

# રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર










માનવ જીવનની ત્રણ અવસ્થા છે, બાલ્ય, યુવા અને વૃધ્ધાવસ્થા. જે ચાર તબક્કામાં વહેંચાયેલી છે. ૧૭ વર્ષ સુધી બાલ્યકાળ, ૧૮ થી ૩૫ વર્ષ સુધી જીવન ભણતર અને ઘડતર અને પરિવાર ચણતરનો સમય કાળ, ૩૬થી ૫૫ વય ઘર પરિવારને સમર્પિત. સંતાનોને ઠરી ઠામ કરવાનો તબક્કો અને છેલ્લે ૫૬થી અધિક આયુ આધ્યાત્મિક ધર્મ અને સેવાનો સમયકાળ.

ધરમશી પરિવારની એ ખાસિયત રહી છે કે પડદા પછવાડે રહી તેમના દ્વારા કાર્યો સુચારૂ પણે થાય એ માટે જ કાર્યશીલ રહે છે. બાળકોને ભણતર માટે મદદ, રમત ગમતની પ્રવૃત્તિ માટે સહાય, ઉચ્ચ શિક્ષણ માટે કોપર્સ ફંડ, જરૂરતમંદ પરિવારોને આર્થિક તેમજ મેડિકલ માટે મદદ, સુથરી ગામે અદ્‌ભૂત અને અનન્ય કાચનું દેરાસર નિર્માણ, કર્ણાટકના ગદગ નગરમાં સુખાલય વૃધ્ધાશ્રમ વિશ્રામધામ, દેવલાલીમાં અતિથિગૃહ તથા થાણાના દીવા વિસ્તારમાં ૧૬થી વધુ એકરમાં ભવ્ય ટાઉનશીપનું નિર્માણ કર્યું છે. જેમાં જ્ઞાતિના અનેક જણને ઉદારતાપૂર્વક સહાયરૂપ થયા છે.

શેરબજાર, બિલ્ડર્સ, ડેવલોપર્સના બિઝનેસમાં

# જ્ઞાતિના આધુનિક યુગના 'ભામાશા'

# રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર




રાયચંદ હંસરાજ ધરમશી પરિવારએ મોટું નામ અર્જિત કર્યું છે.

હાલના કોરોનાના સમયકાળમાં અઢી હજારથી વધુ પરિવારોને સાધર્મિક સહાય કરી છે. મુંબઈ જ્ઞાતિ મહાજનની મેડિકલ સમિતિને ૧૦ ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન આપ્યા છે તથા કોરોનાને લીધે હોસ્પિટલાઈઝ જ્ઞાતિજનોને મદદરૂપ થયા છે. તો સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના જે નાના, નબળા જ્ઞાતિજનો ઉપર અણધારી રીતે ત્રાટકતી બીમારીની સારવાર ઓપરેશન અને દવાના મોટા ખર્ચને પહોંચી વળવા મદદરૂપ થતી આ યોજનામાં રૂ.૨૫ લાખનું અનુદાન આપી એક માત્ર નીલમ મણિ આશ્રયદાતા Sapphire Patron તરીકે જોડાયા છે અને આ અનુદાન પૂર્ણ થાય એ પહેલાં અખંડ જાળવી રાખવા તેઓ હામી ભરી છે. આમ સંજીવની યોજનામાં તેઓ અક્ષય દાતા તરીકે કાયમ રૂપે રહેશે.

દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહીં. પણ દિલમાં શું હતું એ જોવું જરૂરી છે. એ ઉક્તિ અનુસાર આપનારનો અહમ ન જાગે અને લેનારને લાજ ન થાય એ પ્રકારની મદદ તેઓ કરી રહ્યાં છે. આ રીતે કોઈ વીરલા જ કરી શકે. જે લોકો બીજાની ખુશી માટે કામ કરે છે તેમને ખુશ કરવાની જવાબદારી પરમાત્મા પોતાની ઉપર લઈ લે છે.

દેવા માટે દાન, લેવા માટે જ્ઞાન અને ત્યાગ કરવા લાયક અભિમાન છે. पानी बाढे नाव में, घरमे बाढे दाम, दोऊ हाथ उलीचिए, यही सज्जनो का काम સંત કબીરની જ્ઞાનવાણીને રાયચંદભાઈ અને તેમના સંતાનો એ હૂબેહૂ જાળવી છે.

ધનનો સંગ્રહ પોતાના માટે ન કરતા જ્ઞાતિ સમાજના સદ્ઉપયોગમાં વાપરવાનો ઉદ્દેશ તેઓ એ ઉમદાપૂર્વક કર્યો છે. તેમના પરિવારએ લક્ષ્મી વાપરી મહાલક્ષ્મી સ્થાપિત કરી છે. તેમની કૃપા પામી છે.

જ્ઞાતિ માટે આધુનિક યુગના ભામાશાને સમસ્ત મહાજનના સર્વે મેનેજીંગ ટ્રસ્ટીઓ સેક્રેટરી જનરલ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અઢળક અનુમોદના કરી ઉદારતા ભાવ માટે શત શત વંદન કરે છે.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કાંજુરમાર્ગ સંઘમાં પર્યુષણ પર્વની ભવ્ય ધર્મ આરાધનાઓ થઈ





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગમાં પર્યુષણ મહાપર્વની આરાધના માટે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી ૧૯મા વર્ષીતપના આરાધક પ.પૂ.મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા. માટુંગાથી પધારેલ હતા. પર્યુષણ પર્વ દરમ્યાન દરરોજ ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, પ્રતિક્રમણ અને પ્રભુજીની ભાવના રાખેલ. જેમાં બધાએ હોંશે હોંશે ભાગ લીધો હતો. કલ્પસૂત્રની પોથી પધરાવવાનો લાભ શેઠશ્રી કિશોર લાલજી નાગડા-રંગપુરવાળાએ લીધેલ. વીર પ્રભુનો પારણું પધરાવવાનો લાભ અ.સૌ.પ્રિયા મુકુંદ નાગડા રાપર ગઢવાળી-ભાંડુપએ લીધેલ.



પર્યુષણ પર્વ દરમિયાન પાઠશાળાના બાળકોએ લઘુ નાટિકા કરેલ. બીજના દિવસે પાંજી વાડી હોલમાં સ્વપ્ન મહોત્સવનો કાર્યક્રમ ભવ્યપણે ગોઠવવામાં આવ્યો હતો. સ્વપ્નાનું કુલ્લ ઘૃત ૯૮૮૬૧ મણ થયેલ.



તા.૧૯ સપ્ટેમ્બર રવિવારના સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદા, ઉપપ્રમુખ વીરેન્દ્રભાઈ લોડાયા પધારેલ હતા. તેમના હસ્તે શેઠશ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવવામાં આવ્યું. પ્રમુખ નયનભાઈએ કાંજુરમાર્ગ સંઘની અઢળક પ્રગતિ થાય અને સંઘના કોઈપણ કાર્યમાં મદદરૂપ થવાનું તેમણે આપ્યું હતું. ત્યારબાદ સંઘના રહેવાસીઓએ સ્વામીવાત્સલ્યનો લાભ લીધો હતો.

# ભુજોડીના વર્ધમાન નગર સંઘમાં ચૈત્ય પરિપાટી રૂપે સંઘોનો ઉમળકાભેર આગમન

ભુજ નગરના પરિસર ભુજોડીના વર્ધમાન નગરના આંગણે વિમલનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચપ્રસ્થાનક સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના વંદનાર્થે અત્યાર સુધી ૫૭ સંઘો ભાવપૂર્વક પધારી ચૂક્યા છે.

સંપૂર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર સંઘમાતા મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવાર જામનગરવાલા.

# શંત્રુજય મહાતીર્થે ૯૯ યાત્રા સુખરૂપે પરિપૂર્ણ થતા અનુમોદનાર્થે વધામણા આપવામાં આવ્યા





તા.૧૯ સપ્ટેમ્બર રવિવારના શ્રી અંબરનાથ સંઘ આયોજિત ૯૯ યાત્રા પરિપૂર્ણ થયેલ એની અનુમોદના રૂપે સંગીત સુરતાલના સથવારે ઉત્સાહભેર આનંદ વધામણા આપવામાં આવ્યા હતા.

# પારોલા સંઘમાં પર્યુષણ મહાપર્વની ધર્મભાવ સાથે ઉજવણી થઈ

શ્રી ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રી સંઘ પારોલાના આંગણે ખાનદેશની ધન્ય ધરા પર ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયાશ્રી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધનાઓ કરવા ગામવાસીઓ અને બહારગામથી પધારેલ આરાધકોની સારી એવી સંખ્યા રહી હતી.

શ્રાવણ વદ તેરસ તા.૪ સપ્ટેમ્બરના અઢાર અભિષેક વિધિકાર કેવલ સાવલાના સંગાથે કરવામાં આવેલ. કલ્પસૂત્ર પોથી પધરાવવાનો લાભ વિજયાબાઈ પદમશી લોડાયા, નલિયા-અમલનેરવાળાએ લીધેલ. લક્ષ્મીજીનો લાભ દામજી શામજી પોલડીયા, ગોએરસમા-ભુસાવલ અને સૌ. ટિનાબેન રાજેન્દ્ર પોલડિયા, બાયઠ-જલગામવાળાએ લીધેલ પારણાનો લાભ સૌ. અલ્પાબેન ભાવેશ ધનપતિ મોમાયા, બારોઈ-જલગામવાળાએ લીધેલ. બારસા સૂત્ર વહોરવાનો લાભ જીતેન્દ્રભાઈ જીવરાજ મોમાયા, સાંયરા-દોંડાઈચાવાળાએ લીધેલ.

સંઘના ઉત્સાહિત શ્રાવક શ્રાવિકાઓના સહભાગથી વિવિધ ધર્મ આરાધનાઓથી મહાપર્વની ઉજવણી ભવ્યતાથી થઈ હતી.

## વર્ધમાન નગર ભુજોડી સંઘમાં ૭૨ આયંબિલ થયા

ભુજોડીના વર્ધમાન નગર સંઘમાં જ્યોતિષાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની વાર્ષિક પુણ્યતિથિ તથા તપસ્વી પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના તંદુરસ્તી કાજે અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ૭૨ આયંબિલ થયા.

## ભાંડુપ નગર સંઘના ભાવિકએ ગુરૂ ગુણસાગરસૂરી આર્ટ ગેલેરીમાં અનુદાનનો લાભ લીધો

તા.૨૫ સપ્ટેમ્બર શનિવારના ભાંડુપ સંઘમાં બિરાજમાન પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગર મ.સા. એવં યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પ્રેરણાથી કચ્છ દેઢિયા ગામમાં નવનિર્માણધીન ભવ્ય સ્મૃતિ સ્થળ ગુરૂ ગુણસાગરસૂરી આર્ટ ગેલેરી-મ્યુઝિયમાં રૂા.૧ લાખનો અનુદાનનો લાભ શીલાબેન પોપટલાલ ગોસર ભાંડુપ સ્મૃધ્ધિ બિલ્ડીંગએ લીધો. જે માટે સંઘ વતીથી લાભાર્થી પરિવારની હાર્દિક અનુમોદના કરાઈ હતી.

## ભાંડુપ સંઘમાં ગુરૂદેવોના દર્શન વંદન, ચૈત્ય પરિપાટી માટે સંઘોનું આગમન

પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના દર્શન વંદનાર્થે ચૈત્ય પરિપાટી માટે ગોરાઈ-બોરીવલી, વિક્રોલી અચલગચ્છ સંઘ, કાંદિવલી સંઘ, થાણા ટેમ્બી નાકા સંઘ, મુલુંડ ચેકનાકા સંઘ, દિગ્રસ અચલગચ્છ સંઘ વિગેરે અનેક સંઘ તથા વ્યક્તિગત ગ્રુપના અનેક વ્યક્તિઓ પોતાના પૂરા પરિવાર સહિત ગુરૂદેવના સાંનિધ્યમાં પધારીને સેવા, ભક્તિ, જિનવાણીનો લાભ પામી ધન્ય થઈ રહ્યાં છે.

આપ પણ ભાંડુપ પધારી ગુરૂકૃપા પામી જીવન ગુરૂદેવના આશીર્વાદથી પવિત્ર બનાવો. આપના મિત્રો અને સ્નેહીજનોને સાથે જરૂર લાવશો.

## સુખજી છાંઈને ડુખજા તડકા શિર્ષકથી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નું ચીંચબંદરમાં મનનીય પ્રવચન

તા.૧૯ સપ્ટેમ્બર સરવિવારના દિને ચીંચબંદર મહાજન વાડીમાં ચાતુર્માસ બિરાજમાન પ્રશમ રસનિધિ, આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૪ના દર્શન વંદન નિમિત્તે ચૈત્ય પરિપાટી સ્વરૂપે પધારેલ શ્રી વરલી અચલગચ્છ જૈન સમક્ષ સાહેબશ્રી એ સુખજી છાંઈને દુઃ યજા તડકા વિષયથી મનનીય અને જીવન ઉપયોગી પ્રવચન આપ્યું. આ ૨૭ મિનીટનો પ્રવચન યુટ્યૂબ લિંક https://youtu.be/SEJx49CvmKQ પર જોઈ માણી શકાશે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શિબિરાર્થી બાળકોનું પૂજ્ય સાહેબની નિશ્રામાં બહુમાન થયું





મંગળવાર તા.૨૧ સપ્ટેમ્બરના રોજે ચીંચબંદર સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શિબિરાર્થી બાળકોનું ઉમળકા ભાવથી બહુમાન કરાયું અને તેઓની ધર્મ જિજ્ઞાસા અને જ્ઞાન પિપાસાને બિરદાવવામાં આવી અને તેમનો ઉત્સાહને વધાવ્યો હતો.

# અદ્ભુત અને અઢળક અનુમોદના ઉદારદિલ સંજીવની યોજનાના એકમાત્ર નીલમમણિ આશ્રય દાતાની

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનોને આકસ્મિતક આપત્તિ બિમારીઓમાથી ઉગારી લેતી અને વેળાસર સારવાર, ઓપરેશન માટે અકલ્પનીય રીતે સહાયભૂત થતી એવી સંજીવની યોજનામાં ઉદારદિલ જ્ઞાતિજનો અન્યોના દર્દને જાણી પોતાની લક્ષ્મીને સંજીવની યોજનામાં સમર્પિત કરી મહાલક્ષ્મીમાં પરિવર્તિત કરે છે. આ યોજનામાં પ્લેટિનમ, ડાયમંડ સિલ્વર પેટ્રોન યોજનામાં અનેક સખાવતી દાતાઓ પોતાનું અમૂલ્ય યોગદાન આપી આશ્રય દાતા તરીકે નામ નોંધાયું છે. હાલના પર્યુષણ મહાપર્વના પ્રસંગે શ્રી રાયચંદ હંસરાજ ધરમશીના શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ વરલી, મુંબઈ દ્વારા સમસ્ત મહાજન દ્વારા પ્રેરિત સંજીવની યોજનામાં રૂા.૨૫ લાખનું ઉદારતાભર્યું અનુદાન આપી એકમાત્ર નીલમમણિ આશ્રયદાતા તરીકે સહભાગી થયા છે.

શ્રી સમસ્ત મહાજનની સર્વે ટ્રસ્ટીશ્રીઓ, પદાધિકારીઓ અને મેડિકલ સમિતિના સર્વે પદાધિકારીઓ દાતાશ્રીની અઢળક અનુમોદના સાથે ઉદારતા ભાવ માટે વંદન કરે છે.

# ભુજ સંઘમાં જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૯૦મા જન્મદિવસે ગુરૂવંદના કરાઈ







તા.૨૦ સપ્ટેમ્બર સોમવારના દિને કચ્છ પ્રાંતના ઐતિહાસિક પાટનગર ભુજ નગર સંઘમાં પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં જિનશાસન શિરોમણિ તપ ચક્રવર્તી શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૯૦મા જન્મદિન પ્રસંગે અતિ હરખના માહોલમાં સંગીમય ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો.

# ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા પદમાવતી મહાપૂજન સાથે ધર્મ આરાધનાઓ થઈ

ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં પદમાવતી મહાપૂજન જૈનમ હોલમાં થઈ. આ ધર્મ આરાધનામાં સંઘના ભાવિકો ઉત્સાહપૂર્ણ રીતે સહભાગી થઈ ધન્ય ધન્ય થયાં હતા.





# ચીંચબંદર સંઘમાં મુમુક્ષુ વંદન કુમારનું બહુમાન કરાયું

તા.૨૧ સપ્ટેમ્બર મંગળવારના રોજ ચીંચબંદર સંઘમાં કવીઓ મહાજનવાડીમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વજી મ.સા.ની નિશ્રામાં દિક્ષાર્થી વંદન કુમારનું ઉમળકાભેર બહુમાન કરાયું. આ પ્રસંગે પૂજ્ય સાહેબએ નારણપુરના વિશિષ્ટ આત્મ સાધક સુશ્રાવક ખીમજીભાઈ વાલજી વોરાનું દ્રષ્ટાંત આપી મનનીય પ્રવચન ૧૬.૩૦ મિનીટનું ફરમાવ્યું હતું. જે યુટ્યુબ લિંક https://youtu.be/_NRpvK3NC_E પર જોઈ, માણી શકાશે.

# પાલીતાણા મહાતીર્થે ૫૪ રવિવાર નવકાર જાપ સમાપન પ્રસંગે શ્રી નવકાર મહામંત્ર અનુષ્ઠાન થયા







પાલીતાણા મહાતીર્થે શાંતિધારા ઉપાશ્રયમાં પ.પૂ.મુનિરાજ શ્રી વીરશેખરસાગરજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા. આદિ શ્રમણ શ્રમણી ગણ સહિત ચતુર્વિધ સંઘની અદ્દભૂત ઉપસ્થિતિમાં જિનશાસન શિરોમણિ તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૯૦મા જન્મતિથિ નિમિત્તે ૫૪ રવિવાર નવકાર જાપ સમાપન પ્રસંગે શાંતિધારા ઉપાશ્રયમાં શ્રી નવકાર મહામંત્ર અનુષ્ઠાન ભણાવેલ.



# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા
# જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક રસીકરણ કેમ્પ સંપન્ન





તા.૧૯ સપ્ટેમબર રવિવારના રોજે શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા કેડીઓ જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક રસીકરણ દેવીદયાલ રોડ સ્થિત મુંદડા હોસ્ટેલમાં વિધાનસભ્ય મિહિર કોટેચાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩૪૫ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. આ કાર્યને સફળ બનાવવા માટે મંડળના પદાધિકારીઓ અને કાર્યકરોએ જહેમત લીધી હતી.

# પારોલા તીર્થ સંઘમાં મુમુક્ષુનું ભવ્ય બહુમાન કરાયું

તા.૨૪ સપ્ટેમ્બર શુક્રવારના ખાનદેશ પ્રદેશના પારોલા તીર્થ સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં મુમુક્ષુ રત્ન વંદન કુમાર સુનીલ કારાણી ડોંબિવલીનો બહુમાન સંઘના માનદમંત્રી ગોવિંદજી નેણશી સોની અને સંઘના કાર્યકર્તાઓની સંગે કરવામાં આવેલ. બહુમાન થયા બાદ મુમુક્ષુ પરિવાર જલગામ તરફ પ્રયાણ કરેલ.

SAT KDO

**Anant Margdarshan**

Education to Earning

વ્યક્તિની ખરી શક્તિ એટલે જ્ઞાનશક્તિ.
જ્ઞાન... માત્ર પુસ્તકિયું નહીં પણ પ્રગતિલક્ષી, રાષ્ટ્રલક્ષી, જ્ઞાતિલક્ષી અને પરિવારલક્ષી જ્ઞાન. અનંત માર્ગદર્શન એટલે બુદ્ધિમતાના અખૂટ ભંડારને, આવડતના આકાશ પર છવાઈ જઈને સફળતાનાં નીતનવાં સોપાન સર કરવામાં મદદરૂપ થનારૂં કેડીઓ જ્ઞાતિનું અનોખું અભિયાન.

જ્ઞાનનો અર્થ ભણતર વત્તા ગણતર અને અનંત માર્ગદર્શન બેઉના સમન્વયથી વ્યક્તિનું મજબૂત ચણતર કરશે. માત્ર આર્થિક દ્રષ્ટિએ નહીં, પણ આ અભિયાન જ્ઞાતિના જ્ઞાનપિપાસુ લોકોને જ્ઞાનના સચોટ અને શ્રેષ્ઠ ઉપયોગ માટે પણ સુસજ્જ કરશે. એ માટે ઉપલબ્ધ હશે કાઉન્સેલિંગ, ટ્રેનિંગ અને કન્સલ્ટન્સી પણ.

બસ તો પછી, સાથ લો અનંત માર્ગદર્શન નો અને કંડારો સફળતાની નવી કેડી જે લઈ જશે દશાઓને વધુ ઉન્નત દિશાએ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથ ટ્રસ્ટ**

SAT KDO

**Anant Sahay**

પરસ્પર સહયોગની જ્યાં ચરમસીમા વર્તાય છે ત્યાં સર્વોત્કૃષ્ટ સમાજ સર્જાય છે. આપણે જ્ઞાતિ તરીકે પેઢીઓથી આ પ્રકારની શ્રેષ્ઠતા આંબતા દેશ-પરદેશમાં સીમાચિન્હો સ્થાપી શક્યા છીએ. આપણા વડીલોએ ચીંધેલા આ પાવન માર્ગે આગળ વધતાં, ફૂલ નહીં તો ફૂલની પાંખડીના નાતે, આપણે એક યજ્ઞ આદરી રહ્યા છીએ. આ યજ્ઞ એટલે અનંત સહાય.

માસિક આર્થિક સહાય કુટુંબ દીઠ રૂા. ૧,૧૦૦/- રહેશે.

યોજનાનો આશય આ દિશામાં ચાલતા શ્રી અનંતનાથ ટ્રસ્ટના કાર્યોને સુદૃઢ બનાવવાનો અને વધુ વિસ્તારવાનો છે. આવક-આધાર નહીં ધરાવતા દિવ્યાંગ જ્ઞાતિજનો. મોટી ઉંમરના નોકરી-વ્યવસાય નહીં ધરાવતા જ્ઞાતિજનો.મોટી ઉંમરના એકલા રહેતા અને નિર્વાહ ચલાવવામાં પડકારોનો સામનો કરતા જ્ઞાતિજનો. ઉપરની શ્રેણીવાળા ભારતભરમાં વસતા તમામ જ્ઞાતિજનો યોજનામાં અરજી કરવા પાત્ર છે. ઉપરની શ્રેણીમાં નહીં આવતા જ્ઞાતિજનોને અરજી નહીં કરવા નમ્ર વિનંતી. પર્યાપ્ત ચકાસણી, અરજદારની મુલાકાત અને સ્થાનિક મહાજન-સંઘની ભલામણ પછી અરજદારને યોજનામાં સામેલ કરાશે.

આવો જ્ઞાતિજનો, સ્વજનો, અમારે તમારા ચેહરે સ્મિત જોવું છે, તમારા જીવનમાં શાતા રહે તે માટે મદદરૂપ થવું છે. અનંત સહાય યોજનામાં અરજી કરવા નીચે આપેલ ગુગલ ફોર્મ ક્લિક કરી ભરવા વિનંતી.

સંપર્ક : યોગેશભાઈ - 98927 41414

**શ્રી અનંતનાથ ટ્રસ્ટ**

**અનંત સહાય યોજનામાં અરજી કરવા નીચે આપેલ ગુગલ ફોર્મ ક્લિક કરી ભરવા વિનંતી.**

ગુગલ ફોર્મ : https://forms.gle/n7RgDjVyQnY7ExBB6

# હેમંત શાહ-લોડાયાને કેનેડા-ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપારની મોટી જવાબદારી મળી







કેનેડા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપારને મજબૂત કરવા માટે OFIC ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ ઈન્ડિયાને મજબૂત કરવા માટે સતત કાર્યરત છે. કેનેડામાં પ્રથમ વખત ઈન્ડો કેનેડિયન સંગઠને વેપારને ઉત્તેજન આપવા માટે સમર્પિત ભારત વેપાર વિકાસ સમિતિની સ્થાપના કરી છે. જેનું નેતૃત્વ કચ્છી ઉદ્યોગપતિ અને ૪૭ વર્ષથી વૈશ્વિક વેપારના અનુભવી એવા મૂળ વરાડિયાના હેમંત એમ.શાહ લોડાયા ગુંદરવાળાને સોંપવામાં આવ્યું છે. તેમના કુશળ નેતૃત્વ હેઠળ સમિતિ વ્યાપારી સંબંધોને વેગ આપવાનું લક્ષ્ય પૂર્વ કેનેડાથી



પશ્ચિમ કેનેડા સુધી વિસ્તારતું રહેશે. કેનેડાની રાજધાની ઓટત્વા સ્થિત વ્યાપારી સંગઠન OFIC ના નાયબ નિયામક તરીકે રોહન મોદીની નિમણુંક કરવાની જાહેરાત કરી છે. કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના ઉદ્યોગપતિ હેમંત એમ.શાહ લોડાયા (ગુંદરવાળા) અને મોદીની નિમણૂંક OFIC ના પ્રયત્નોને પૂરક બનાવશે અને કેનેડામાં વધુ મજબૂત વ્યાપારિક સંબંધો બનાવવામાં મદદ કરશે.

ભારત અને કેનેડા વચ્ચે રાજકીય અને વ્યાપારિક મિશન પાર પાડવા આ સંગઠન પ્રયત્નશીલ રહેશે. આ ઉપરાંત તેનેડા ભારત વેપાર રોકાણ અને ઈમિગ્રેશન કોરિડોર વિષે પણ સકારાત્મક પરિણામ લાવશે. ભારત અને કેનેડા વચ્ચે વેપાર વિકાસાવવા, પ્રોત્સાહન આપવા અને પ્રગતિ લાવવા માટે ભારત વેપાર વિકસા સમિતિ કેનેડા ઈન્ડિયા ટ્રેડના ડાયરેક્ટર હેમંત શાહ લોડાયા સાથે કામ કરસે. ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ ઈન્ડિયા કેનેડા OFIC દ્વારા બહાર પડાયેલી ઓફિશિયલ પ્રેસ રિલીઝમાં ખમતીઘર અને અનુભવી કચ્છી ઉદ્યોગપતિ હેમંત શાહ લોડાયાના નિસ્વાર્થ દેશપ્રેમ અને માતૃભૂમિ પ્રત્યેના હેતભાવની સરાહના કરી અને આવતા દિવસોમાં પ્રગતિની આશા એવી તેમના પ્રયત્નોને જરૂર યશ મળશે એવી આશા સેવી હતી.

# કદઓ નાગપુર મહાજનની નવી કાર્યકારિણી સમિતિની રચના

વિદર્ભ પ્રદેશના નારંગી શહેર નાગપુરના શ્રી કદઓ મહાજન નાગપુરના નવી કાર્યકારિણી સમિતિના પદાધિકારીઓ સર્વાનુમતે નક્કી થયા જેમાં અધ્યક્ષ તરીકે નિખિલ અનિલ ખોના, ઉપાધ્યક્ષપદે સૌ.ડિમ્પલ ધર્મેન્દ્ર ધરમશી, સચિવ તરીકે યોગેશ જીતેન્દ્ર દંડ, સહસચિવ પદે પારસ હરીશ લોડાયા, ખજાનચી નરેન્દ્ર મેઘજી પોલડીયા તથા કાર્યકારિણી સદસ્યો તરીકે સૌ પ્રગતિ મયંક ખોના, મયંક મુકેશ મૈશેરી, ડૉ.રિશી સત્યેન્દ્રભાઈ લોડાયા અને જતિન વર્ધમાન પટેલની વરણી કરાઈ. નવા પદાધિકારીઓને અભિનંદન અને તેમના દ્વારા જ્ઞાતિ સમાજના સારા ઉત્કર્ષના કાર્યો ઉત્તરોતર થતા રહે એ જ શુભેચ્છા.

# પૂજ્ય મહારાજ સાહેબની પ્રથમ પુણ્યતિથિએ પુષ્પાંજલિ અર્પણ કરાઈ

તા.૨૪ સપ્ટેમ્બર શુક્રવાર દિને પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના અગ્નિ સંસ્કાર ભૂમિ સ્થળે ભાવિકો પુષ્પાંજલિ અર્પણ કરેલ એની સ્મૃતિની યાદ કરી.



# અનંત માર્ગદર્શન નામનું અભિયાન વિદ્યાર્થીઓને શિક્ષણ અને કારકિર્દી માર્ગદર્શન માટે ઉપયોગી

વિદ્યાર્થીની ખરી શક્તિ છે જ્ઞાનશક્તિ. જ્ઞાન માત્ર પુસ્તકિયું નહી પણ પ્રગતિ લક્ષી, રાષ્ટ્રલક્ષી, જ્ઞાતિ લક્ષી અને પરિવાર લક્ષી જ્ઞાન. અનંત માર્ગદર્શન એટલે બુધ્ધિમતાના અખૂટ ભંડારને, આવડતના આકાશ પર છવાઈ જઈને સફળતાના નિત નવા સોપાન સર કરવામાં મદદરૂપ થનારું કેડીઓ જ્ઞાતિનું નોખુંને અનોખું અભિયાન. જ્ઞાનનો અર્થ ભણતર વતા ગણતર અને અનંત માર્ગદર્શન બેઉના સમન્વયથી વિદ્યાર્થીનું મજબૂત ચણતર કરશે. માત્ર આર્થિક દ્રષ્ટિથી નહીં પણ આ અભિયાન જ્ઞાતિના જ્ઞાન પિપાસુ લોકોને જ્ઞાનના સચોટ અને શ્રેષ્ઠ ઉપયોગ માટે પણ સુજ્ઞ કરશે એ માટે ઉપલબ્ધ હશે કાઉન્સેલિંગ, ટ્રેનિંગ અને કન્સલ્ટન્સી પણ.

બસ તો પછી સાથ લો અનંત માર્ગદર્શનનો અને કંડારો સફળતાની કેડી જે લઈ જશે દશાઈઓને વધુ ઉન્નત દિશાએ.

ધોરણ ૯ થી ૧૨ સુધી ભણતા વિદ્યાર્થી તથા ૧૮ થી ૩૦ વર્ષના યુવાનો માટે તેમજ દિવ્યાંગ જ્ઞાતિજનો માટે અનંત માર્ગદર્શન અંતર્ગત કાઉન્સલિંગ ટ્રેનિંગ અને કન્સલ્ટન્સી ભાવિકા હેફા લાડ દ્વારા ઉપલબ્ધ સંપર્ક માત્ર વોટસએપ ઉપર નં.૮૭૭૯૦૩૨૭૩૮.

પહેલો, ત્રીજા બુધવાર અને બીજો રવિવાર સવારે ૯ થી સાંજે ૬ સુધી અનંત છાયા ઘાટકોપર (ઈસ્ટ). ચોથો રવિવાર સવારે ૧૦ થી સાંજે ૬ સુધી ડોંબિવલી કેડીઓ મંડળની ઓફિસે. ઈમેઈલ સંપર્ક anantmargdarshan@gmail.com

વધુ માહિતી માટે સંપર્ક કવિતા ધરમશી-૯૮૭૦૨૦૨૨૨૭, એકતા શાહ-૯૭૬૯૫૦૨૨૭૭.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના સંયુક્ત આયોજન Anant Margdarshan-Education to Earning



# દેવલાલીના અનંત આરોગ્ય નિધિમાં પર્યુષણ મહાપર્વની ભવ્ય ધર્મ આરાધનાઓ થઈ








હિલ સ્ટેશન એવા દેવલાલી નગરમાં શ્રી અનંત આરોગ્ય નિધિમાં શ્રી વિમલનાથ ભગવાનની અનંત નિશ્રામાં આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બે શ્રાવિકા બહેનો માતુશ્રી નિર્મલાબેન અને માતુશ્રી હેમલતાબેન પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા પધારેલ. તેમના સાંનિધ્યમાં રંગેચંગે પ્રથમ વાર પર્યુષણ પર્વ યોજાયો. શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયે આરાધનામાં ૨૦ થી ૨૨ પરિવારો ખૂબજ અનેરા ઉલ્હાસથી જોડાયા. સ્વપ્નનું કુલ્લ ધૃત ૮ લાખ રૂ. થયું. શ્રી કલ્પસૂત્ર અ.સૌ. કલ્પનાબેન રાજીવ લુઠિયા રવા-મુલુંડ પધરાવેલ અને શ્રી મહાવીર સ્વામીનું પારણું અ.સૌ.ફોરમ ધૈર્ય દીપક ધરમશી કોઠારા-વાશી નવી મુંબઈ એ પધરાવેલ. ભાદરવા સુદ બીજના સ્વામીવાત્સલ્ય યોજાયું. જેના લાભાર્થી પરિવાર અ.સૌ.કલ્પનાબેન રાજીવ લુઠિયા અને ચોવિહારના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન સુમતિચંદ લોડાયા હતા તેમજ ભાદરવા સુદ ૬ના દિવસે તપસ્વીઓના પારણા અને સંઘની નવકારશીનો લાભ અ.સૌ.કલ્પનાબેન દીપક ધરમશી કોઠારા-વાશી નવી મુંબઈ એ લીધેલ. જપ, તપ, સેવા,પૂજન તથા ભક્તિ ભાવના ખૂબજ ઉત્કૃષ્ટ ભાવે ભાવિકો તરફથી થયા.

તપસ્વી : ૧૧ ઉપવાસ અ.સૌ.ફોરમ ધૈર્ય દીપક ધરમશી કોઠારા-વાશી નવી મુંબઈએ કરેલ. તે સાથે બાકી નાની મોટી તપસ્યાઓ હતી. સમગ્ર પર્વ નાના પરિવારની જેમ સાથે મળીને આનંદ ઉલ્લાસ અને ધર્મભાવથી યોજાયો. નિર્વિઘ્ને પર્વ આરાધનાઓ ચડતા ભાવે થઈ. સૂત્ર સંચાલન સમગ્ર પ્રોગ્રામ દરમ્યાન અ.સૌ.કલ્પના દીપક ધરમશીએ બખૂબીથી સંભાળેલ.

# ખંડવા શહેર જૈન સંઘ દ્વારા પ.પૂ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૯૦મી જન્મતિથિ અવસરે દર્દીઓને મિઠાઈ અને નમકીન અપાયું

તા.૨૦ સપ્ટેમ્બર સોમવાર રોજે મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગરમાં તપચક્રવર્તી તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૯૦મી જન્મતિથિના અવસરે જિલ્લા સરકારી હોસ્પિટલમાં દર્દીઓને લાયન્સ ક્લબ ભોજન સેવા કેન્દ્રના માધ્યમથી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ દ્વારા મીઠાઈ અને નમકીનું વિતરણ કરી સેવા ભક્તિ કરાઈ હતી.



# ભુજ સંઘમાં ચૈત્ય પરિપાટી માટે અનેક સંઘોની પધરામણી થઈ

કચ્છ પ્રદેશના પાટનગર ભુજ સંઘમાં મુનિશ્રીઓના વંદનાર્થે જૈન સંઘોનું આગમન ભુજ નગરે ગુરૂ ગુણોદય પરંપરાના પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ વીરભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય ગુરૂ ગુણોદય કૃપાપાત્ર પ.પૂ.મુનિરાજશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૯ની નિશ્રામાં સમૂહ ક્ષમાપના, તપસ્વી બહુમાન, સંઘ સ્વામિ વાત્સલ્ય, સમૂહ ચૈત્ય પરિપાટી વિગેરે આયોજનો સહ ભાદરવા સુદ પૂનમના દિને જૈનાચાર્ય શ્રી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના જન્મ દિવસ પ્રસંગે સદ્ગુરૂ શરણમ્ કાર્યક્રમ અનુષ્ઠાન દ્વારા પૂર્વાચાર્યોને વંદનાનો અનોખો અને અદ્‌ભૂત સંગીતમય પ્રોગ્રામ રાખવામાં આવેલ.

શ્રી સંઘમાં તપશ્ચર્યા, જીવદયા, માનવસેવા આદિ દ્વારા પૂજ્યશ્રીની ગુરૂભક્તિ કરી સૌ ધન્ય બને એવા આયોજન ગોઠવાયેલ. ભાદરવા વદ ચોથના દિવસે મંત્ર પ્રભાવક જૈનાચાર્ય પ.પૂ.શ્રી વીરભદ્રસાગર મ.સાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિના અવસરે પણ જિન ભક્તિ પૂજા આદિ અનુષ્ઠાનનો રાખવામાં આવેલ.

સંઘના આંગણે ચૈત્ય પરિપાટી સ્વરૂપે ગઢશીશા, ભુજપૂર, નરેડી, હમલા મંજલ, શેરડી, રાયધણજર, દેવપુર, સાભરાઈ, સુથરી, વીઢ, તુંબડી નાની, બાડમેર, ભિસરા, તેરા, કોઠારા, જખૌ, વસઈ, સાંયરા, રાયણ, બિદડા, કાંડાગરા, દેઢિયા, ડુમરા, નાના-મોટા આસંબિયા, નલિયા, નાના રતાડીયા, માંડવી, વર્ધમાન નગર ભુજ, મેરાઉ, કોટડી મહાદેવપુરી, નવનીત નગર ભુજ, માંડવી, અંજાર, ગાંધીધામ કેડીઓ વિગેરે ચાલીસથી ઉપરાંત સંઘો પધારી ગયા છે અને હજી પણ આવવાના બાકી છે. પધારેલ શ્રી સંઘોનું શાલ, શ્રીફળ અને માળા, તિલક દ્વારા બહુમાન કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં ભુજ નગરે ઉજવનાર દીક્ષા પ્રસંગ ગુરૂ મૂર્તિ મંદિર પ્રતિષ્ઠા, પ.પૂ.સુસાધ્વીશ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.ના ૧૦૦ મી ઓળીના પારણા માટે આગોતરા આમંત્રણ આપવામાં આવી રહ્યાં છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચીમનલાલ લાલકા**
તા.૨૦ સપ્ટે.(ઉ.૮૩)
વારાપધર-મુલુંડ



**રામજી ખોના**
તા.૨૦ સપ્ટે.(ઉ.૮૫)
નલિયા-ઘાટકોપર



**તિલકસુંદરી લોડાયા**
તા.૨૦ સપ્ટે.(ઉ.૯૩)
સુથરી-માટુંગા



**કંચનબેન લોડાયા**
તા.૨૧ સપ્ટે.(ઉ.૯૦)
કોઠારા-સાયન



**દિપ્તી મોતા**
તા.૨૩ સપ્ટે. (ઉ.૫૬)
કુવાપધર-ડોંબિવલી



**જયચંદ જીવાણી**
તા.૨૪ સપ્ટે. (ઉ.૬૬)
જખૌ-બીજાપુર



**સુનિલ ખોના**
તા.૨૪ સપ્ટે.(ઉ.૭૩)
સુજાપુર-બેંગ્લોર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વિશ્વ ફોટોગ્રાફી દિવસની ઉજવણીના ભાગરૂપે યુવાનોમાં ફોટોગ્રાફી કળા અંગે રસ કેળવાય, જિજ્ઞાસા વૃત્તિ વધે ઉપરાંત ઐતિહાસિક ધરોહર સમાન ભવ્ય ઈમારતો, મહેલો, સ્થાપત્યોના રક્ષણ અંગે નાગરિક તરીકે સામાજિક ઉતરદાયિત્વની ભાવના ઉદ્‌ભવે તેવા ઉમદા હેતુ સાથે ભુજમાં ફોટોગ્રાફિક સોસાયટી ઓફ કચ્છ દ્વારા ફોટોવોકનું આયોજન કરાયું હતું. ઈ.સ.૧૯૭૪ થી કાર્યરત આ સંગઠનનો આ કાર્યક્રમ વહેલી સવારે પ્રાગમલ પેલેસ ખાતે કચ્છના રાજવી પરિવારની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો.

● નેચર એન્ડ એડવેન્ચર ક્લબ દ્વારા બે દિવસીય ટ્રેકીંગ કેમ્પ 'મી એન્ડ મોમ' નામથી યોજાયો. જેમાં ૩ થી ૧૩ વર્ષ સુધીની ઉંમરના બાળકો પોતાની માતાઓ સાથે જોડાયા હતા. પ્રથમ દિવસે નખત્રાણા તાલુકાના સાંયરા ગામે ભીખુ ઋષિ આશ્રમમાં કેમ્પિંગ લાઈફ તેના અનુશાસનો વિષે માહિતી અપાઈ. સાંજે કમાન્ડોનેર ક્લાઈમ્બિંગ તથા ટેન્ટપિચિંગ કઈ રીતે કરવું તેની સમજ અપાઈ. માતાઓને ફન ગેમ એક્ટિવીટી કરાવવામાં આવી રાત્રે કેમ્પ ફાયરમાં બાળકો ગીત, ડાન્સ, પઝલ રજૂ કર્યા. બીજા દિવસે સવારે સ્ટ્રેચિંગ તથા લાફિંગ એક્સરસાઈઝ પછી સાંયરા હિલ ટ્રેકિંગમાં ૧૨૦ સભ્યો જેમાં ૩ વર્ષની ઉંમરના બાળકો મળી ચાર કલાકનું ટ્રેકિંગ સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. આ કેમ્પથી માતાઓને બાળકોની અંદર છૂપાયેલી શક્તિઓનો પરિચય થયો હતો. ભવિષ્યમાં જલ્દીથી ૨થી વધુ દિવસ માટે આવા પ્રકારનો કેમ્પ યોજવા માતાઓ તરફથી અનુરોધ કરાયો હતો.

● મુંબઈ મહાનગરપાલિકાના નગરસેવકોના કામકાજના લેખાંજોખાં તૈયાર કરતી એનજીઓ પ્રજા ફાઉન્ડેશન વર્ષ ૨૦૨૧નો રિપોર્ટ કાર્ડ જારી કર્યો જે મુજબ દહીંસર (વેસ્ટ)માં એલઆઈસી કોલોનીનું પ્રતિનિધિત્વ કરતા કચ્છ બિદડાના હરીશભાઈ છેડા ત્રીજા નંબરે સ્થાન પામ્યા છે. તેમને વર્ષ ૨૦૨૦ના પુજા ફાઉન્ડેશનના અહેવાલમાં શ્રેષ્ઠ નગરસેવકોમાંથી પ્રથમ સ્થાન મળ્યું હતું.

● કુકમાના મૈત્રી ભાવ ગ્રુપ દ્વારા દેશની સૌથી કઠિન સીમા સિયાચીનમાં જ્યાં માઈનસ ૨૦થી ૨૫ ડિગ્રી સેલ્સિયસ જેટલી થીજવી દેતી ઠંડીમાં દેશની રક્ષા કરી રહેલા સૈનિક ભાઈઓને અત્રેની ખેંગારજી ગાંગજી રાઠોડ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ અને ગામની બહેનો એ બનાવેલી ૧૩૦ રાખડી અને ૧૩૦ પત્રો એકત્ર કરી સિયાચીન અવેરનેસ ડ્રાઈવના સંચાલક હર્ષલ પુષ્કર્ણા દ્વારા મોકલવામાં આવ્યા હતા.

● આદિપુર સ્મશાનમાં વર્ષોથી દર રવિવારે સફાઈ જાળવણી વિગેરેની સેવા આપતા આશાપુરા સેવા મંડળના કાર્યકર ગુડુ મહેન્દ્ર મૂલચંદાણીના લગ્ન કોઈપણ જાતની ધામધૂમ વિના કોરોના કાળમાં થયા હતા. જેની તાજેતરમાં અત્રેના સ્મશાનમાં હવન, ભજન, ભોજન સહિત લગ્ન વર્ષગાંઠની ઉજવણી કરાઈ હતી.

● અબડાસાના કોઠારા ગામે અડધી સદીથી વધુ સમય પૂર્વે કાર્યરત વ.ક.નાથા છાત્રાલય વિદ્યાર્થીઓના ઉપયોગ માટે કાર્યરત કરવા માંગ ઊઠી છે. જ્યારે માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધ્યો ન હતો ત્યારે કોઠારા આસપાસના ગામના વિદ્યાર્થીઓ અહીં રહી જી.ટી.હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. કોઠારાએ સમય તાલુકામાં શિક્ષણનું કાશી બની ગયું હતું. વર્તમાનમાં અબડાસામાં એકમાત્ર કોઠારામાં ૧૦ થી ૧૨ વિધાન પ્રવાહનું શિક્ષણ શરૂ થઈ ગયો છે. ત્યારે દૂરથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને સગવડ થાય એ માટે હોસ્ટેલ શરૂ કરવાની માંગ છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA




-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

For Business Queries : Seema : 91 - 98841 90494 , Pratik : 91 - 98848 99494
# 128, Cathedral Road, Chennai - 600 086 , Ph. : 044 - 4314 1444
www.shubhdiamonds.com E.Mail : pratik.mota@shubhdiamonds.com